## મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ અને કૃષક ભારતી કો-ઓપરેટીવ લીમીટેડ(કૃભકો) દ્વારા નવાગામ ખાતે પાક પરિસંવાદ યોજાયો

મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ અને કૃષક ભારતી કો-ઓપરેટીવ(કૃભકો) દ્વારા સંયુક્ત ઉપક્રમે નવાગામ કેન્દ્ર ખાતે "પાક પરિસંવાદ'' તા.૩૦.૦૧.૨૦૨૫ના રોજ યોજાયો. જેમાં શ્રી આર.ડી.પટેલ,નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), શ્રી જયેશભાઈ પટેલ, એરિયા મેનેજર, કૃભકો, શ્રી રમતુભાઇ એમ.ચૌહાણ, ચેરમેન,નવાગામ ગ્રુપ સેવા સહકારી મંડળી તથા સેવા સહકારી મંડળીના કર્મચારીઓ તથા નજીકના ગામોના ખેડૂતો બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા.

આ કાર્યક્રમની શરૂઆત દીપ-પ્રાગટ્યથી કરવામાં આવી, ત્યારબાદ ડૉ.એમ.બી. પરમાર, સંશોધન વૈજ્ઞાનિક (ચોખા) દ્વારા શાબ્દિક ઉદબોધન કરીને ડાંગરના વિવિધ સંશોધન કાર્યક્રમ, ડાંગરની નવી જાતો અને ખેડૂત ઉપયોગી ભલામણો વિષે ખેડૂતોને માહિતગાર કર્યા, ડૉ.એસ.એસ.થોરાત, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટક) દ્વારા ડાંગર પાકમાં રોગ-જીવાત નિયંત્રણ અંગેની માહિતી આપવામાં આવી, ડૉ. ડી. જે. કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો.) દ્વારા ડાંગરના પાકમાં નવીનતમ DRS(સીધી વાવણી),પધ્ધતિ તથા ડાંગરમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન અને ખેતી ખર્ચ ઘટાડવા અંગેના ચાવીરૂપ મુદ્દાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી. કાર્યક્રમમાં ખેડા જીલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) શ્રી રીતેશભાઈ ડી.પટેલે વિવિધ ખાતરો નો કાર્યક્ષમ ઉપયોગ અને ઑફ સીઝનમાં ખાતર સંગ્રહ વિષે માહિતી આપી હતી. કૃભકોના એરિયા મેનેજર શ્રી જે. એ. પટેલે કૃભકો ઉત્પાદિત બાયો ફર્ટીલાઇઝર, કમ્પોસ્ટ, માયકોરાઇઝા, સિવારીકા અને અન્ય સેન્દ્રીય પદાર્થોનાં પાક ઉત્પાદન વધારવા સારું સંકલિત વપરાશ વિષે વિસ્તૃત માહિતી આપેલ હતી. ડૉ. એસ. જી. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા પાક પરિસંવાદમાં ભાગ લેનાર તમામ ખેડૂતોને અત્રેના કેન્દ્રના પાક મ્યુઝીયમની મુલાકાત કરાવી હતી અને ડૉ. આર. કે. ગંગવાર દ્વારા ઉનાળું ઋતુમાં ડાંગરના ધરૂવાડિયાના અખતરાઓની મુલાકાત કરાવી ધરુંને પોલીથીન શીટથી ઢાંકવાથી ધરુંનો વિકાસ ઝડપથી અને સારો થવા અંગેની અત્રેની ભલામણ વિષે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતમાં કૃભકો, ખેડા ના પ્રતિનિધિ શ્રી દિવ્યેશભાઈ દ્વારા કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ ખેડૂતભાઈઓનો આભાર વ્યકત કરી સદર પરિસંવાદમાં મળેલ માર્ગદર્શન થકી ડાંગરની ખેતી વધુ નફાકારક બનાવવા જણાવ્યું .

**સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)ઈ.ચા.**




KRIBHCO
KRIBHCO
“પાક પરિસંવાદ”


KRIBHCO
KRIBHCO
“પાક પરિસંવાદ”
KRISHAK BHARATI COOPERATIVE LIMITED


KRIBHCO
KRIBHCO
“પાક પરિસંવાદ”
KRISHAK BHARATI COOPERATIVE LIMITED


KRIBHCO
KRIBHCO


KRIBHCO
KRIBHCO
“પાક પરિસંવાદ”
KRISHAK BHARATI COOPERATIVE LIMITED